Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0241

Continuous issue-23 | August – September 2016

મહિલા પોલીસ કોન્સ્ટેબલની મનોસમાજીક પરિસ્થિતિ અને સમાજકાર્ય

ભારતમાં સ્ત્રીને શક્તિ તરીકે માનવામાં આવે છે. ભારતની સ્ત્રીઓ પહેલા જેવી અશિક્ષિત, અબોધ રહી નથી. હવે સ્ત્રીઓ શિક્ષિત અને જાગૃત થઈને દરેક કર્યોમાં પોતાની ભૂમિકા ભજવતી જોવા મળે છે. આજની સ્ત્રીઓ ગૃહકાર્યની સાથે-સાથે શિક્ષણ તેમજ અન્ય વ્યાવસાયો જેવાકે ડોકટર, નર્સ, એન્જીનીયર, રાજકારણ તથા નૌકાદળ, પોલીસ જેવા રક્ષણાત્મક વ્યવસાયોમાં અને વૈજ્ઞાનિક બનવા સુધીના કર્યો કરી શકે છે. જેનું મોટા માં મોટું ઉદાહરણ છે નાસાની પ્રયોગશાળામાં "કલ્પના ચાવલા". અત્યાર સુધી સમાજમાં શારીરિક સૌન્દર્ય ધરાવનાર, પુરુષોને મોહિત કરનાર, પ્રેમ માટે બલિદાન દેનાર, બાળકોની સાર-સંભાળ લેનાર આ પુરતું જ મહિલાને સ્થાન આપવામાં આવતું હતું.

આજની સ્ત્રીઓ કઠોરમાં કઠોર કાર્ય પણ કરી શકે છે જેમકે કમાન્ડર, પોલીસ કમિશ્નર, હોમગાર્ડ, એન.સી.સી. ઓફીસર, લશ્કર વગેરેમાં મહિલાઓ આગળ આવી રહી છે. સાથે સાથે વહીવટી, તંત્રમાં પણ સ્ત્રીઓએ સારી પ્રગતિ કરી છે. કિરણ બેદી તેનું તાદશ્ય ઉદાહરણ છે. આજની મહિલા કારકુનથી માંડીને કલેકટર સુધીની ફરજો બજાવે છે. તેવી જ રીતે પોલીસ ખાતામાં પણ પોલીસ કોન્સ્ટેબલથી માંડી પી.એસ.આઈ. સુધીની ફરજો પણ આજની મહિલા બજાવે છે.

મહિલા પોલિસ કોન્સ્ટેબલ આવો શબ્દ જયારે આપણા માનસપટ પર આવે ત્યારે ખાખી ડ્રેસ, ખાખી સાડી, મજબુત બાંધો તથા મજબુત ચહેરો અને ગંભીર સ્વભાવ સાથે પોલીસ સ્ટેશનમાં બેઠેલા હોઈ અને અધીકારીઓને પાણી પીવડાવવાના કામથી માંડી પુરુષોની મશ્કરીનો ભોગ બનતી મહિલા જોવા મળે છે. આવી મહિલા પોલીસને સહ પુરુષ કર્મચારીઓની અભદ્ર મજાક સહન કરવી પડે છે. આવી બધી સમસ્યા વચ્ચે પણ મહિલા પોલીસ પોતાની ફરજ બજાવી સારા પરિણામો આપે છે.

આજની મહિલા કોન્સ્ટેબલો પ્રત્યે સમાજનું ધ્યાન ગયું નથી. સમાજ એટલું જ વિચારે છે કે કોઈ સામાજિક, ધાર્મિક, પ્રસંગોમાં કાયદા વ્યસ્થા કથળી ન જાય તે માટે મહિલાઓના રક્ષણ માટે મહિલા કોન્સ્ટેબલ રાખવામાં આવે છે. આ મહિલા કોન્સ્ટેબલની સમસ્યા પ્રત્યે સમજે ઉદાસીનતા દાખવી જ છે. મહિલા કોન્સ્ટેબલોને કઈ-કઈ સમસ્યા પ્રભાવિત કરે છે તથા મહિલા કોન્સ્ટેબલોને પોતાના કાર્યકાળ દરમ્યાન નડતી વહીવટી અને કૌટુંબિક સમસ્યા અંગે પણ અભ્યાસ થવો આવશ્યક છે કારણકે આ મહિલા બહેનો પણ આપણા સમાજનો એક ભાગ છે.

આજનો સમાજ મહિલા પોલીસને સંકુચિત દ્રષ્ટીથી જુએ છે. ઘરના સભ્યો તેની પાસેથી ગૃહિણી, પત્ની, આદર્શ માતા અને મદદનીશ તરીકેનું પાત્ર ઈચ્છે છે. આ ઈચ્છવા પાછળ તે મહિલા પોલીસમાં સ્ત્રીની ભાવનાને ઢંઢોળી શકવામાં કુટુંબના સભ્યોનેને નિષ્ફળતા મળે છે અને જોયા- જાણ્યા વિના વગર વિચાર્યે જુદા-જુદા પ્રકારની સમસ્યાઓનો સામનો પડે છે. જયારે મહિલા પોલીસ ખાતાની નોકરી સ્વીકારે છે, ત્યારથી જ

સંઘર્ષના મંડાણ થઇ છે. આ મહિલાના માતા-પિતા આવી નોકરી સ્વીકારવા પાછળ વિરોધ વ્યકત કરે છે. સમાજમાં પણ અપરણિત મહિલા કોન્સ્ટેબલ સાથે પરણવા ઈચ્છુક યુવાનો હોતા નથી.

તેથી જ આવી વિવિધ સમસ્યાઓ જેવી કે ફરજ દરમ્યાન પુરતુ માન સન્માન અને સ્વમાન ન જળવાવુ, કૌટુંબિક સમસ્યાઓ, સામાજિક સમસ્યાઓ, માનસિક સમસ્યાઓ, મહિલા પોલીસની મનોદશા વગરેનો સામનો કરવા છતાં પણ સમાજની સુખાકારી અને વાવ્યસ્થા જળવાય તે માટે લડતી આ ભારતીય નારીએ વિવિધ પરિસ્થિતિઓમાં સમાયોજન સાધવામાં કઈ-કઈ તકલીફોનો સામનો કરવો પડે છે તે જાણવાનો, વિચારવાનો, અને ભદ્ર સમાજને તેનાથી વાકેફ કરવાનો મૂળભૂત હેતુ અહી સમાયેલો છે.

મહિલા કોન્સ્ટેબલની સમસ્યાઓની હવે વાત કરીએ તો આ ક્ષેત્રમાં પુરુષ પોલીસ અધિકારીઓની સંખ્યા વધારે છે એટલેકે પુરુષ પોલીસ કર્મચારી બહુમતી ધરાવે છે. તેઓ મહિલા પોલીસને સામાન્ય મહિલા સાથે સરખાવે છે અને અન્ય પોલીસની સમકક્ષ હોવા છતાં એક સરખી ફરજો સોપવામાં આવતી નથી અને હોદા કરતા નીચલી કક્ષાની કામગીરી પણ સોપવામાં આવે છે. વહીવટી કામગીરી કરવામાં ભેદ રાખવામાં આવે છે. સાથે-સાથે સમયપાલન નિશ્ચિત ન હોવાને કરને પુરુષ અધિકારીઓ સાથે વાદ-વીવાદમાં ઉતરવું પડે છે. તદ ઉપરાંત મહિલા પોલીસ કર્મચારિઓને તેમને મળતા લાભો વિષે પુરતી જાણકારી અપાતી નથી. પરિણામે મહિલા પોલીસ કર્મચારી જેઓ ખરેખર કામગીરી કરવા માટે છે તેને કામગીરી કરવામાં સમસ્યા નડે છે.

મહિલા પોલીસ કર્મચારી કુટુંબ પણ ધરાવતી હોય છે અને વ્યવસાયની સાથે-સાથે કૌટુંબિક જવાબદારી પણ વહન કરતી હોય છે. મહિલા પોલીસના કુટુંબીજનોને તેનો પગાર આવકારદાયક લાગે છે પરંતુ સિક્કાની બીજી બાજુ જોઈએ તો મહિલા પોલીસ ગૃહીણીની ફરજો પણ બજાવે તેવી અપેક્ષા રાખે છે અને આ અપેક્ષામાં કયારેક ઉણી ઉતરે તો તેને મેંણા-ટોણા, ટીપણીનો ભોગ બનવું પડે છે.પોતાની ઈચ્છા હોવા છતાં પણ કડક અનુશાસિત નોકરી હોવાને કારણે કૌટુંબિક કર્યો, ધાર્મિક કાર્યોમાં અને વ્યવહારિક કાર્યોમાં ભાગ લઇ શકતી નથી અને તેને કારણે કુટુંબમાં મુશ્કેલી વહોરવી પડે છે. તેથી કૌટુંબિક સમસ્યાઓ મહિલા પોલીસને ઘેરી વળે છે જે તેના પર વિપરીત માનસિક અસર જન્માવે છે.

કુટુંબમાં પણ ખાસ કરીને પતિએ તો પત્નીના વિકાસમાં સાથ-સહકાર આપવો જ જોઈએ. તેને બદલે પતિ દ્વારા ક્યારેક કટાક્ષ થતા હોય છે અને કેટલાક પ્રસંગોમાં પતિ સહકાર આપે છે, તો તેની પાછળ પણ મજબૂરી હોય છે અને પોતાની પત્ની કમાય છે, તેવી લઘુતાગ્રંથીથી પ્રેરાઈને માનસિક ત્રાસ આપવાનો પ્રયત્ન કરતા હોય છે અને ભારતીય મહિલાઓ પતિને પરમેશ્વર માનતી હોઈ આ સમસ્યા અંગે મૌન સેવે છે. કેટલીક મહિલા પોલીસ કૌટુંબિક ઝઘડાનો પણ ભોગ બને છે. ખાસ કરીને પતિ- પત્નીના ઝઘડાઓ છૂટાછેડામાં પરિણમે છે. અપરણિત મહિલા પોલીસોને જીવન સાથીની પસંદગીમાં આ વ્યવસાય આવરોધ બને છે અને મહિલા પોલીસના ચરિત્ર અંગે તર્ક-વિતર્કો કરવામાં આવે છે.

મહિલા પોલીસની નોકરી સરકારી હોય તે સારો એવો પગાર અને ભથ્થા મેળવતી હોય છે. પરંતુ, આ તમામ આવક પોતાની પાસે રાખવા દેવામાં કુટુંબ કચવાટ અનુભવે છે. તેથી પણ પોતાનુ સ્વતંત્ર અસ્તિત્વ જોખમાય છે તેવી લાગણીથી પીડાય છે અને કુટુંબમાં સભ્યો તેની આવકમાંથી અમર્યાદિત ખર્ચ

કરતા હોય છે અને ઘણીવાર મહિલા પોલીસને તેમના કુટુંબીજનો નોટ છાપવાનું મશીન માને છે અને તેને કારણે પણ મહિલા પોલીસ આર્થિક બોજ નીચે સતત ઘેરાયેલી રહે છે.

અહી આ વ્યવસાય સાથે જોડાયેલી જામનગર શહેરની લગભગ ૨૧ થી ૫૦ વર્ષની વયજૂથ ધરાવતી ૫૦ મહિલા પોલીસ કોન્સ્ટેબલ બહેનોની મનોસમાજીક પરિસ્થિતિનો સમાજ્કાર્યની દ્રષ્ટીએ અભ્યાસ કરતા નીચે પ્રમાણે વિગતો જાણવા મળેલી છે જેવી કે અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતાઓમાંથી પરિણીત ૩૩ બહેનો પૈકી ૨૦ એટલે કે ૬૧% ઉત્તરદાતાઓને લગ્ન પછી સાસરીયા પક્ષ તરફથી નોકરી છોડવાનું દબાણ થતુ હતુ. અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતાઓમાંથી ૫૦% ઉત્તરદાતાઓને ઘરની જવાબદારી ઉપાડવામાં આશંકાને લીધે સાસરિયા પક્ષ તરફથી નોકરી છોડવાનું દબાણ હતુ. અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતાઓમાંથી ૫૦% ઉત્તરદાતાઓને રોજ બરોજના ગૃહકાર્યના કરણે કુટુંબના સભ્યો સાથે મન દુઃખ થાય છે. અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતાઓમાંથી ૫૮% ઉત્તરદાતા નોકરીને લીધે બાળકોની યોગ્ય સાર સંભાળ લઇ શકતા નથી, તેવુ જાણવા મળેલ છે. અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતાઓમાંથી ૪૦ % ઉત્તરદાતા વારંવાર બદલી થવા અંગે પતિ અનિચ્છા વ્યકત કરે છે તેવા ઉત્તરદાતા વધુ છે.અભ્યાસ હેઠળના કુલ મહિલા ઉત્તરદાતાઓમાંથી ૩૬.૩૭% ઉત્તરદાતાના બાળકો વધુ પડતો ગુસ્સો કરે છે. તેવા ઉત્તરદાતા વધારે જોવા મળેલ છે. અભ્યાસ હેઠળના કુલ મહિલા ઉત્તરદાતાઓમાંથી ૮૧% મહિલા ઉત્તરદાતા એવું મને છે કે પોતાની કારકિર્દી બાળકોના શિક્ષણ માટે જોખમકારક છે તેવા ઉત્તરદાતા વધારે છે. અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતાઓ માંથી ૭૪% પોતાના બાળકોના અભ્યાસમાં પુરતું ધ્યાન આપી શકતા નથી. અભ્યાસ હેઠળના કુલ મહિલા ઉત્તરદાતાઓમાંથી ૫૭% મહિલા ઉત્તરદાતાઓ નોકરીને લીધે સંતાનોના ભાવિમાં રસ લઇ શકતા નથી તેવા ઉત્તરદાતા વધુ છે. અભ્યાસ હેઠળના કુલ મહિલા ઉત્તરદાતાઓમાંથી ૩૦.૩૦% મહિલા ઉત્તરદાતાને વહીવટની સમસ્યાને લીધે ઘરમાં સભ્યોને નોકરી ગમતી નથી અને પતિના તિરસ્કૃત વર્તનનો ભોગ પણ બને છે.

અભ્યાસ હેઠળ ના કુલ મહિલા ઉત્તરદાતાઓમાંથી ૫૦% ઉત્તરદાતા જણાવે છે કે જ્ઞાતિના લોકો તેઓની પ્રગતિ સહન કરી શકતા નથી. અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતાઓમાંથી ૮૬% મહિલા પોલીસ પોતાની ફરજમાંથી સમય ફાળવી શકતા નથી એટલે ધાર્મિક તહેવારોના કર્યોમાં ભાગ લઇ શકતા નથી. અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતાઓમાંથી ૩૭.૨૦% ઉત્તરદાતાઓ ધાર્મિક તહેવારોમાં ભાગ લઇ શકતા નથી કારણકે પોલીસની નોકરીમાંથી રાજા મળતી નથી. અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતાઓમાંથી કુલ ૮૪% મહિલા ઉત્તરદાતાઓ સામાજિક પ્રસંગોમાં હાજરી આપી શકતા નથી. અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતાઓમાંથી સૌથી વધુ એટલે કે ૭૦% ઉત્તરદાતાઓને પોતાની ફરજ દરમ્યાન પુરુષ કર્મચારી સાથે રહેવાનું થાય છે.

અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૬% મહિલા પોલીસ પોતાની નોકરી દરમ્યાન કંટાળો અનુભવે છે. અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતાઓમાંથી ૮૨% ઉત્તરદાતાઓ નોકરીના કારણે થાક અનુભવે છે. અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતાઓમાં સૌથી વધુ એટલે કે ૮૪% ઉત્તરદાતાઓને નોકરી સતત ૪૮ કલાક ઉપરની થતા ઉપરી અધિકારીઓ તરફ અનાદર ઉભો થાય છે. અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતાઓમાં સૌથી વધુ એટલે કે ૮૨% ઉત્તરદાતાઓને નોકરીના કારણે સ્વાસ્થ્ય પર અસર પડે છે. અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતાઓમાં સૌથી વધુ એટલેકે ૬૬% ઉત્તરદાતાઓ બદલીને કારણે માનસિક તાણ અનુભવે છે. અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતાઓમાંથી સૌથી વધુ એટલે કે ૫૫% ઉત્તરદાતાઓ પોતાના સંતાનોને પોલીસની નોકરી

કરાવવા માંગે છે. અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતાઓમાંથી સૌથી વધુ એટલે કે ૭૪% મહિલા ઉત્તરદાતાઓ નોકરી દરમ્યાન માનસિક હતાશ થાય છે.

ઉપરોક્ત દરેક બાબત જોતા જણાય છે કે ભારતમાં સ્ત્રીઓની સ્થીતી હજુ કથળેલી જ છે પછી ભલેને એ મહિલા પોલીસ પણ કેમ ના હોય . સ્વતંત્ર ભારતમાં ખરેખર તો સ્ત્રીઓની સ્થિતિ સારી થવી હોઇએ પરંતુ હજુ પણ આ બાબતમાં જોઇએ તેટલા પરીવર્તનો આવ્યા નથી. જેના મૂળ કારણમાં ભારતીય સમાજ વ્યસ્થા અને રૂઢીચુસ્ત પરંપરા છે. જ્યાં વેદો આધારિત સમાજ વ્યસ્થા હોય અને આટલો મોટો સંસ્કૃતિક વરસો હોય ત્યાં પણ સ્ત્રીઓનું આવુ નીચુ સ્થાન હોય તો બીજા સમાજોમા શું હાલત હશે અને તેમાં પણ મહિલા પોલીસ કે જે મહિલા સંબંધિત ગુનેગારો ને પકડવા માટે તથા જ્યાં મહિલા જ ગુનેગાર છે ત્યાં તેની હાજરી ખુબજ જરૂરી છે છતાં પણ આ વાત આપના સમાજને માન્ય નથી. એક સ્ત્રી જ્યારે ઘર તથા નોકરી એમ બંને જવાબદારી નિભાવવા તૈયાર થાય છે તો સમાજ તેને અડચણ રૂપ સાબિત થાય છે.

આપણા સમાજમાં વિકાસ ત્યારે જ થશે જયારે સ્ત્રી અને પુરુષનુ સમાન સ્થાન હશે અને સ્ત્રીઓને પણ પુરુષ સમાન બધાજ અધિકારો હશે. પરંતુ તેના માટે ઘણું ચિંતન કરવાની જરૂર છે સમાજના દરેક વર્ગોએ તેના માટે તૈયાર થવાની જરૂર છે. અરે થોડો વિચાર તો કરીએ કે જયારે એક સ્ત્રી પોતાના કુટુંબ અને બાળકોને છોડીને સમાજની અને રાષ્ટ્રની સેવા કરવા તૈયાર થાય છે તો તેના માથે કેટલી જવાબદારી છે અને કેટકેટલા કાર્યો તેને સંભાળવાના થાય છે. આવા સમયે તેના પરિવારે તેની મદદ કરવી જોઈએ પરંતુ આપને જોયું તેમ આવી બહેનોનો પરિવાર અને સમાજ જ તેની વિરુદ્ધ જાય છે અને તેને મક્કમતા પૂર્વક નોકરી કરવા દેતો નથી.

તેથી આવા સમયમાં દરેક સમાજ કાર્યકરો તથા સંસ્થાઓએ જાગૃતતા લાવવાની જરૂરત છે તથા સમાજમાં એ વિચાર ફેલાવવાની જરૂરત છે કે મહિલા પોલીસ આપના સમાજ તથા કાયદાની વ્યસ્થા માટે ખુબજ જરૂરી છે. એક સમાજ કાર્યકર સામાજિક જાગૃતિ દ્વારા આવા મહિલા પોલીસ બહેનોને સામાજિક સ્વીકૃતિ તથા એ સાંત્વના અપાવી શકે કે તે બહેન જે કાર્ય કરે છે તે સમાજ માટે ખુબજ જરૂરી છે અને આ કાર્ય માટે જે બહેનો તૈયાર થઇ છે તેને ખરેખર અભિનંદન આપવા જોઈએ તથા વધુ મા વધુ બહેનો આવા કાર્ય મા જોડાય તેના માટે પ્રોત્સાહન પૂરું પડવુ જોઇએ.

સંદર્ભ :

I. અરુણા ભારદ્વાજ ,(૨૦૦૨)વુમેન ઇન યુનિફોર્મ ,ઈમરજન્સ ઓફ વુમેન પોલીસ ઇન દિલ્હી :રીજન્સી પબ્લીકેશન્સ દિલ્હી ,

II. ઓમ રાજસિંહ બસ્નોઈ ,(૨૦૦૨)વુમેન પોલીસ ઇન ઇન્ડિયા ,એરાઈવલ બુક્સ ઇન્ટરનેશનલ ,દિલ્હી

III. તૃપ્તિ મેહતા ,(૨૦૦૭)વુમેન પોલીસ ,ઇકોનોમિકસ એનાલીસીસ ઈન અર્બન બેકગ્રાઉન્ડ -એ સોસીઓ : કોમનવેલ્થ પબ્લીકેશન્સ, દિલ્હી

IV. આલીમ એસ) .૧૯૯૧ ,(વુમેન પોલીસ એન્ડ સોશ્યલ ચેન્જ.ન્યુ દિલ્હી ,આશિષ પબ્લીસીંગ હાઉસ ,

****

ડો. જીગ્નેશ બી. તાળા

આસિસ્ટન્ટ પ્રોફેસર

સમાજકાર્ય વિભાગ

કે.એસ.કે.વી. કચ્છ યુનીવર્સીટી

ભુજ-કચ્છ

Copyright © 2012 - 2016 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat